વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓને
પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત
યોજના. (ધોરણ-૭ થી ધોરણ ૧૦ સુધી)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.- ૧૯/છ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧૪ / ૯ / ૨૦૧૫.

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૧/૪/૧૫નો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.-૧૯/છ-૧.
(૨) નિયા.શ્રી,સ.સુ.ની કચેરીનો તા.૨૧/૭/૧૫નો પત્ર ક્ર-સસુખા/બલભ/ટ્રા.ઝે./મંજૂરી/૧૫-૧૬/૩૧૯.

પ્રસ્તાવના :-

ઉપર ક્રમ- (૧) સામે વંચાણે લીધેલ આ વિભાગના તા.૧/૪/૨૦૧૫ના ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.-૧૯/છ-૧ થી જાતિ પરિવર્તન પામેલા (ટ્રાન્સજેન્ડર) વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા બાબતે ઠરાવ કરવામાં આવેલ છે. આ યોજનાની વિગતવાર જોગવાઈઓ, લાભાર્થીની પાત્રતાના માપદંડ, રજુ કરવાના પ્રમાણપત્રો અને અરજી ફોર્મ નિયત કરવા માટે નિયામકશ્રી,સમાજ સુરક્ષાની કચેરીએ ઉપર વંચાણે લીધેલ તા.૨૧/૭/૨૦૧૫ના પત્ર ક્ર- સસુખા/બલભ/ટ્રા.ઝે./મંજૂરી/૧૫-૧૬/૩૧૯ થી દરખાસ્ત રજુ કરેલ, જે વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી, આ અંગે નીચે મુજબની જોગવાઈઓ, લાભાર્થીની પાત્રતાના માપદંડ, લાભાર્થીએ રજુ કરવાના પ્રમાણપત્રો તથા અરજી ફોર્મ નીચે મુજબ નિયત કરવામાં આવે છે :-

યોજનાનું નામ :- વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના. (ધોરણ-૭ થી ધોરણ ૧૦ સુધી)

(૧) પાત્રતા માટેની શરતો :-

૧. આ શિષ્યવૃત્તિ ગુજરાતના વતની માટે છે.
૨. આ શિષ્યવૃત્તિ, નીચેના અપવાદો સિવાય માન્યતા પ્રાપ્ત સંસ્થાઓમાં હાથ ધરવામાં આવતા પ્રિ-મેટ્રિક અભ્યાસક્રમો માટે આપવામાં આવશે.
૩. એક જ માતા-પિતાના કિન્નર જાતિના હોય તે તમામ સંતાનો યોજનાનો લાભ લેવા માટે પાત્ર ગણાશે.
૪. આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થી અન્ય કોઈપણ શિષ્યવૃત્તિ સ્ટાઈપેન્ડ મેળવી શકશે નહીં,જો તેને અન્ય કોઈપણ શિષ્યવૃત્તિ / સ્ટાઈપેન્ડ પ્રાપ્ત

થતુ હોય તો તે વિદ્યાર્થીને બંને પૈકી કોઈપણ એક પોતાને લાભકર્તા હોય તે શિષ્યવૃત્તિ / સ્ટાઈપેન્ડ પસંદ કરી શકશે અને પોતે ક્યો વિકલ્પ પસંદ કર્યો છે તેની જાણ પોતાની શૈક્ષણિક સંસ્થાના વડા મારફતે શિષ્યવૃત્તિ/ સ્ટાઈપેન્ડ આપનાર સત્તાતંત્રને કરવાની રહેશે. વિદ્યાર્થી જે તારીખથી અન્ય શિષ્યવૃત્તિ સ્ટાઈપેન્ડ મેળવવા માટે પોતાનો વિકલ્પ દર્શાવશે, તે તારીખથી તેને આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ ચુકવાશે નહીં. અલબત્ત તે વિદ્યાર્થી રાજ્ય સરકાર પાસેથી અથવા અન્ય કોઈપણ સ્ત્રોતમાંથી મફત રહેવાની વ્યવસ્થા અથવા પુસ્તકો, સાધનો ખરીદવા માટે અગર રહેવા જમવાનો ખર્ચ કરવા હેઠળ આ યોજના પેટે ચુકવાતી રકમ ઉપરાંત ઉચ્ચક નાણાકીય સહાય મેળવી શકશે.

૫. શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થી જે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારની નાણાકીય સહાય વડે કોઈ તાલીમની સંસ્થામાં પૂર્વ પરીક્ષા તાલીમનું શિક્ષણ મેળવતો હોય તે આવા કોચીંગ માટેના કાર્યક્રમના સમયગાળા દરમ્યાન કોચીંગ યોજના હેઠળ સ્ટાઈપેન્ડ મેળવવા માટે પાત્ર બનશે નહીં.

(૨) <u>આવક મર્યાદા :-</u>

આ શિષ્યવૃત્તિ એવા વિદ્યાર્થીઓને ચુકવવામાં આવશે જેમનાં માતા પિતા અથવા વાલીની તમામ સ્ત્રોતમાંથી થતી કુલ વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/- થી વધારે ન હોય.

<u>નોંધ- ૧:-</u>જો માતા કે પિતા પૈકી કોઈ એક વ્યક્તિ હયાત હોય તો જેને લાગુ પડતું હોય તેની તમામ સ્ત્રોતમાંથી થતી વાર્ષિક આવક ધ્યાનમાં લેવાની છે અને તે વખતે કુટુંબના કોઈ અન્ય વ્યક્તિ કમાતા હોય તો પણ તેમના આવક ધ્યાનમાં લેવાની નથી. આવક જાહેર કરવાના નમૂનામાં આવક આ આધાર પર જાહેર કરવાની છે. જે કિસ્સામાં માતા અને પિતા એમ બંને વ્યક્તિઓ હયાત ન હોય (તેમજ પરિણીત પરંતુ બેરોજગાર સ્ત્રી-વિદ્યાર્થીના કિસ્સામાં પતિ હયાત ન હોય) તેવા કિસ્સામાં વિદ્યાર્થીને તેના અભ્યાસમાં સહાયક બનતા વાલીની આવક ધ્યાનમાં લેવાની છે. કમાતા એવા બંને માતા-પિતા પૈકી કોઈ એકનું દુર્ભાગ્યે મૃત્યુ થાય અને તેને પરિણામે માતા-પિતાની આવકને અસર પહોંચે અને તેથી આ આવક આ યોજનામાં સૂચિત કરવામાં આવેલ મહત્તમ આવકની મર્યાદામાં આવી જાય તેવા વિદ્યાર્થી, જો તેઓ પાત્રતાની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હોય તો, જે મહિનાથી તેવો દુઃખદ બનાવ બને તે મહિનાથી શિષ્યવૃત્તિ મેળવવા માટે પાત્ર ઠરશે.

આવા વિદ્યાર્થી પાસેથી શિષ્યવૃત્તિ માટેની અરજી મેળવવાની આખરી તારીખ વીતી ગઈ હોય તો પણ વખતરૂપ કારણોસર, ધ્યાનમાં લઈ શકાશે.

<u>નોંધઃ- ૨:-</u> માતા-પિતાને મળતા ઘરભાડા-ભથ્થાની આવક, જો આવી આવકને આવક વેરાના હેતુઓ માટે મુક્તિ આપવામાં આવી હોય તો, 'આવક' ની ગણતરી કરતી વખતે તેની ગણતરી કરવામાંથી મુક્તિ અપાશે.

નોંધ- ૩:- જે અભ્યાસક્રમ એક કરતાં વધુ વરસ માટે ચાલતા હોય તેવા અભ્યાસક્રમો માટે, માત્ર એક જ વખત તેમાં પ્રવેશ મેળવતી વખતે જ આવકનું પ્રમાણપત્ર લેવાનું રહેશે.

નોંધ- ૪:- આવકની ટોચ મર્યાદા દર બે વર્ષે, જે વર્ષે આ ટોચ મર્યાદામાં સુધારો કરવો હોય તેના આગલાં વર્ષનાં ઓક્ટોબર મહિના માટેના ઔદ્યોગિક કાયદાઓ માટેના ગ્રાહક ભાવ સૂચાંકની સાથે જોડીને સુધારવામાં આવશે, અને તેને એપ્રિલ મહિનાથી લાગુ કરાશે.

(૩) શિષ્યવૃત્તિનું મૂલ્ય :-

**શિષ્યવૃત્તિના મૂલ્યમાં શિષ્યવૃત્તિ તથા અભ્યાસક્રમના સંપૂર્ણ સમયગાળા માટે એક વખત ચુકવાતી ગ્રાન્ટનો સમાવેશ થાય છે તેની વિગતો નીચે પ્રમાણે છે :-**

શિષ્યવૃત્તિનો દર અને અન્ય ગ્રાન્ટની વિગતો નીચે પ્રમાણે છે :-

| આઈટમ | ડે સ્કોલર (જે હોસ્ટેલમાં નહીં, પરંતુ પોતાને ઘેર રહીને શાળા/કોલેજ જતા હોય) | હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી |
|---|---|---|
| શિષ્યવૃત્તિ પ્રતિમાસ કુલ ૧૦ મહિના માટે | રૂ.૧૫૦ | રૂ.૩૫૦ |

(૪) ઉમેદવારની પસંદગી :-

(૧) પાત્રતા ધરાવતા તમામ વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીઓને આ યોજનામાં સૂચિત કર્યા મુજબ શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

(૨) એક રાજ્યનો ઉમેદવાર જે બીજા રાજ્યમાં અભ્યાસ કરતો હોય તો વિદ્યાર્થી જે રાજ્યમાં અભ્યાસ કરતો હોય તે રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત વહીવટી તંત્ર, તેને શિષ્યવૃત્તિ મંજુર કરશે.

(૫) શિષ્યવૃત્તિનો સમયગાળો અને નવીનીકરણ :-

(૧) શિષ્યવૃત્તિ એક શૈક્ષણિક વર્ષમાં ૧૦ મહિના માટે ચુકવાશે.

(૨) એક વખત શિષ્યવૃત્તિ મંજુર થયા બાદ, સારા વર્તન અને હાજરીમાં નિયમિતાની શરતે, ચાલુ રહેશે.

(૬) શિષ્યવૃત્તિની ચુકવણી :-

(૧) શિષ્યવૃત્તિની તા.૧ એપ્રિલથી અથવા પ્રવેશના મહિનાથી, તે બે પૈકી જે પાછળનું હોય તે તારીખથી શરૂ કરી જે તે શૈક્ષણિક વર્ષનાં અંત સુધી, જ્યાં સુધી પરીક્ષાઓ પુરી ના થાય ત્યાં સુધી (રજાના દિવસો સહિત) ચુકવાશે, સિવાય કે તે વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીઓ જો મહિનાની ૨૦ મી તારીખ પછી પ્રવેશ મેળવેલો હશે તો પ્રવેશના મહિનાની પછીના મહિનાથી ને ચુકવવાપાત્ર બનશે.

(૨) શિષ્યવૃત્તિના નવીનીકરણ(રીન્યુઅલ)ની બાબતમાં તેને આગળના વર્ષમાં જે મહિના સુધી શિષ્યવૃત્તિ ચુકવાઈ હશે તે પછીના મહિનાથી તો ચુકવવામાં આવશે.

(૩) ગુજરાત સરકારે વહીવટીતંત્ર જ્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય ત્યાં, આ બાબતે તે સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ પધ્ધતિ અનુસાર પસંદ કરાયેલા વ્યંઢળ/કિન્નર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાશે.

(૭) **શિષ્યવૃત્તિ ચાલુ રાખવાની શરતો :-**

(૧) શિષ્યવૃત્તિનો આધાર વિદ્યાર્થીની સંતોષકારક પ્રગતિ અને વર્તન ઉપર રહેલો છે. જો સંસ્થાનાં વડા દ્વારા અહેવાલ મોકલવામાં આવે કે વિદ્યાર્થી કોઈપણ સમયે પોતાની જ ભૂલ કે ક્ષતિના કારણોસર સંતોષકારક પ્રગતિ કરવા નિષ્ફળ ગયેલ છે અથવા હડતાલનો આશરો લેવો કે તેમાં ભાગ લેવો, સંબંધિત સત્તાવાળાઓની પરવાનગી વિના હાજરીમાં અનિયમિતતા દાખવવી વિગેરે જેવા ગેરવર્તનનો ગુનેગાર છે તો શિષ્યવૃત્તિ મંજુર કરનાર સત્તાતંત્ર, પોતાને યોગ્ય જણાય તેટલા સમયગાળા માટે તેની શિષ્યવૃત્તિ રદ કરી શકે અથવા તેની આગળ ચુકવણી કરવાનું બંધ કરી શકે અથવા રોકી રાખી શકે.

(૨) જો વ્યંઢળ / કિન્નર જાતિના વિદ્યાર્થીએ ખોટા નિવેદન મારફતે શિષ્યવૃત્તિ મેળવી લેવાનું જણાય તો તેની શિષ્યવૃત્તિ તાત્કાલિક અસરથી બંધ કરાશે અને તેને ચૂકવવામાં આવેલ શિષ્યવૃત્તિની રકમ, સંબંધિત ગુજરાત સરકારના વહીવટીતંત્રની મુનસફી અનુસાર પરત વસુલ લેવામાં આવશે. સંબંધિત વ્યંઢળ/કિન્નર જાતિના વિદ્યાર્થીનું નામ કાળી યાદી (બ્લેક લીસ્ટ)માં મુકવામાં આવશે અને કાયમ માટે, કોઈપણ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિમાંથી રદ કરવામાં આવશે.

(૩) વ્યંઢળ / કિન્નર વિદ્યાર્થી, જો અભ્યાસક્રમના વર્ષ દરમ્યાન તેને જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવી હોય તે અભ્યાસક્રમ પડતો મુકે તો તેણે રાજ્ય સરકારની મુનસફી અનુસાર શિષ્યવૃત્તિની રકમ પરત ચુકવવા માટે બંધાયેલ છે.

(૮) **અરજી કરવાની પધ્ધતિ :-**

(૧) પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટેની અરજીમાં નીચેનાનો સમાવેશ થવો જોઈએ :-

(અ) સૂચિત નમૂનામાં શિષ્યવૃત્તિ માટેની અરજીની એક નકલ (નવો કેસ અને નવીનીકરણ ખાતેના શિષ્યવૃત્તિનો કેસ માટે સંબંધિત વહીવટીતંત્રએ અલગ-અલગ અરજીપત્ર નમૂના નિયત કરવા)

(બ) (નવા શિષ્યવૃત્તિની કેસ માટે) વિદ્યાર્થીની સહી સાથેના તેના પાસપોર્ટ સાઈઝના ફોટાની એક નકલ.

(ક) માતા-પિતા/વાલીઓ દ્વારા સહી કરેલી જાહેરાત કે તે બાળકમાં કયા જાતિ સંબંધિત વિચિત્રતાનાં લક્ષણો જણાય છે.

(ડ) સ્વરોજગારી ધરાવતાં માતા-પિતા / વાલી પાસેથી આવકની જાહેરાત - જેમાં તેઓએ સોંગદનામું કરીને નોન જ્યુડિશીયલ સ્ટેમ્પ પેપર ઉપર પોતાની તમામ સ્ત્રોતમાંથી મળતી કુલ આવકની જાહેરાત કરવાની રહેશે. જો માતાપિતા/વાલી રોજગારી મેળવતાં હોય, તો તેઓએ પોતાના રોજગારી દાતા પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવા ઉપરાંત અન્ય સ્ત્રોતમાંથી કોઈ વધારાની આવક મેળવતા હોય તો તે સંબંધી નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામા પર તેની જાહેરાત કરવાની રહેશે.

(ઈ) જો અરજીકર્તા વિદ્યાર્થીને આ યોજના અંતર્ગત આગલા વર્ષે શિષ્યવૃત્તિ પ્રાપ્ત થયેલ હોય તો અરજીપત્રકની સાથે આગલા વરસે પ્રાપ્ત થયેલ શિષ્યવૃત્તિ મળ્યાની પહોંચ, સંબંધિત સંસ્થા/શાખાના વડાના પ્રતિહસ્તાક્ષર સાથે, સામેલ રાખવી.

(૨) તમામ વિગતો સાથેની સંપૂર્ણ અરજી, વિદ્યાર્થી જે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતો હોય અથવા છેલ્લે અભ્યાસ કરેલ હોય તે સંસ્થા/શાખાના વડા મારફત યોગ્ય ચકાસણી કર્યા બાદ તેમની ભલામણ સાથેની અરજી મંજૂર કરનાર અધિકારીને મોકલી આપવી.

(૯) <u>શિષ્યવૃત્તિના વિતરણની પધ્ધતિ :-</u>

લાભાર્થીએ આ ઠરાવની સાથે સામેલ રાખેલ નિયત કરેલ ફોર્મમાં જ અરજી કરવાની રહેશે. મંજૂર થયેથી મળવાપાત્ર શિષ્યવૃત્તિ લાભાર્થી વિદ્યાર્થીના અરજીમાં દર્શાવેલ પોસ્ટ ઓફિસ અથવા બેન્કના બચત ખાતામાં જમા કરાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એલ.ભગોરા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
(૩) અમુ. સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.
(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૮) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૯) નાણા સલા.શ્રી,(સા.ન્યા. અને અ.વિભાગ,)બ્લોક નં.-૧૪,બીજો માળ,સચિવાલય, ગાંધીનગર.

(૧૦) સેકશન અધિકારીશ્રી, બજેટ / શાખા, છ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૧) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર... વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૨) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

વિના મૂલ્યે

ધો-૭ થી ૧૦ (પ્રિ. મેટ્રિક)માં અભ્યાસ કરતા વ્યંઢળ/કિન્નર જાતિના વિધાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના - કુલ-૧૦ માસ માટે.

શાળાનું નામ :

સરનામું :

ટેલીફોન નંબર :

સિક્કો :

પ્રતિ,

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી,

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી

..........................................................................................આચાર્ય/મુખ્ય શિક્ષક મારફતે સાદર,

શ્રીમાન,

હું વ્યંઢળ/કિન્નર જાતિના વિધાર્થીઓ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજનાની શિષ્યવૃત્તિ માટે અરજી છાપેલા પત્રકમાં મારી શાળા/કોલેજના આચાર્યશ્રી/પ્રિન્સીપાલશ્રી મારફતે આથી રજુ કરૂ છું.

હું જેનો અભ્યાસ કરવા ઇચ્છું છું તે અભ્યાસક્રમ ........................................................... નો છે અને તેના માટે ........................................................................................................... શાળા/કોલેજ, સંસ્થામાં જોડાયો છું. હું આ શિષ્યવૃત્તિના નિયમોનું પાલન કરીશ. જ્યાં સુધી મને ઉક્ત શિષ્યવૃત્તિ મળશે ત્યાં સુધી હું જો કોઇ કામ સ્વીકારીશ અથવા બીજી કોઇ શિષ્યવૃત્તિ મળશે અથવા મને નિયમિત નિવાસી વિધાર્થી તરીકે સરકારી શાળમાં પ્રવેશ મળશે તો હું સમાજ સુરક્ષા નિયામકશ્રીને તેની જાણ કરીશ.

વિશેષમાં હું જણાવું છું કે (૧) અભ્યાસક્રમ કરવા માટે હું શારિરીક અને માનસિક રીતે યોગ્ય છું. (૨) મારા મા-બાપ અથવા વાલીની વાર્ષિક આવક રૂા. ૨,૫૦,૦૦૦/- કરતા ઓછી છે અને (૩) હું ગુજરાત રાજ્યનો રહેવાસી છું.

અરજદારની સહી

## ઉમેદવારને સુચના

(૧) અરજીનું ફોર્મ ભરતા પહેલા ઉમેદવારોએ પોતે પાત્ર છે કે કેમ તે જાણવા માટે વ્યંઢળ/કિન્નર વ્યકિતઓને શિષ્યવૃત્તિઓ આપવાના નિયમો કાળજીપૂર્વક વાંચી જવા.

(૨) આ અરજીનું ફોર્મ ચોકસાઇપૂર્વક અને સુવાચ્ય અક્ષરે ભરવું અને બધા જવાબ લીટી કે ટપકા ભરીને આપવા નહી. આ ફોર્મ સંસ્થાના વડા મારફતે તથા હોસ્ટેલમાં રહેતા પોતાની અરજી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને મોકલી શકશે.

(૩) ઉમેદવારે અરજી સાથે નીચેના દસ્તાવેજો મોકલવા.

(૧) વ્યંઢળ/ કિન્નર જાતિ અંગેનું ડાં. સિવિલ સર્જનના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ

(૨) આવકનું પ્રમાણપત્ર

(૩) છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ

(૪) ઉમેદવારોને ચેતવણી આપવામાં આવે છે કે અરજી ફોર્મ અધૂરૂ હશે કે ખોટું ભરવામાં આવ્યું હશે તો સક્ષમ અધિકારી અરજીનો અસ્વીકાર કરી શકાશે અને એના અસ્વીકાર બાબતમાં કોઇ રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૫) જે ઉમેદવારોને પસંદ કરવામાં આવ્યા નહી હોય એમને વ્યકિતગત જાણ કરવામાં આવશે નહી તેમજ અરજી સ્વીકારવામાં આવી છે કે નહી તે અંગેના કોઇ પત્ર વ્યવહાર પર ધ્યાન આપવામાં આવશે નહીં.

(૬) બિડાણમાં નીચે મુજબના પ્રમાણપત્રો સામેલ રાખવાના છે :-

(૧) છેલ્લી પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ

(૨) ગત વર્ષનો આવકનો દાખલો

(૩) વ્યંઢળ/ કિન્નર જાતિ અંગેનું સિવિલ સર્જનના પ્રમાણપત્રની ઝેરોક્ષ

(૪) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીના કેસમાં આચાર્યશ્રીના સહી- સિક્કાવાળું અધિકૃત પ્રમાણપત્ર.

# પરિશિષ્ટ-૧

## ધો-૭ થી ૧૦માં અભ્યાસ કરતા વ્યંઢળ/કિન્નર જાતિના વિધાર્થીઓ માટે શિષ્યવૃત્તિનું

## અરજીપત્રક

ભાગ-૧

(ઉમેદવારે ભરવાનું)

૧. પુરેપુરૂ નામ (ચેલા) (મોટા અક્ષરોમાં)

..................................................................................................................................

૨. જ્ઞાતિ/પેટા જ્ઞાતિ ..................................................................................................

અ- પત્ર વ્યવહારનું સરનામું :

..................................................................................................................................

..................................................................................................................................

૩. (ક) તમે ભારતના નાગરિક છો ? ..................................................................................

(ખ) ગુજરાત રાજ્યના વતની છો ?.................................................................................

(ગ) અનુસૂચિત જાતિ / જનજાતિ / બક્ષીપંચ / અન્ય

૪. જન્મ તારીખ : ......................................................................................................

૫. પિતા/વાલી/ગુરૂનું નામ અને સરનામું : .........................................................................

..................................................................................................................................

..................................................................................................................................

અરજદારનો વાલી સાથે સંબંધ.......................................................................................

વ્યવસાય ..................................................

સરનામું : ..........................................................................................................

..................................................................................................................................

અરજદાર સાથે સંબંધ.......................................

૬. માતા, પિતા/વાલી/ગુરૂની બંને કુલ માસિક આવક : ..........................................................

૭. છેલ્લી પાસ કરેલ પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારી : .....................................................

૮. આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિ મળી છે,જો હા, તો રકમ રૂ. ..........................................

મળી હોય તો તેની વિગત / વર્ષ : ...............................................................

..................................................................................................................................

૯. (૧) હાલ જે અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ

મેળવવા ઇચ્છતા હોય તે હાલનું ધોરણ :

(૨) ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન અભ્યાસક્રમમાં
જોડાયાની તારીખ :

(૩) અભ્યાસક્રમ પુરો થવાની વિગત :

૧૦. બિડેલ દસ્તાવેજો :-

(૧)

(૨)

(૩)

હું આથી જાહેર કરૂ છું કે –

૧) આ યોજના હેઠળ રાજ્ય સરકાર તરફથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે તો એ મુદત દરમ્યાન હું બીજા કોઇપણ સ્થળેથી શિક્ષણ ફીમાંથી મુક્તિ સિવાય બીજા કોઇ રૂપમાં મળતર, શિષ્યવૃત્તિ વૃત્તિકા કે બીજી કોઇ નાણાંકીય સહાય કે ગ્રાન્ટ સ્વીકારીશ નહી.

અથવા

મને.......................................................... તરફથી રૂા. ........................... ની સહાય મળે છે અને મને શિષ્યવૃત્તિ મળશે તો મને શિષ્યવૃત્તિ ચુકવવાપાત્ર બનશે એ મહિનાથી મને જ્યાંથી તે મળી રહેશે ત્યાં પાછી આપીશ અને મને શિષ્યવૃત્તિ મળશે તો તે મળતી હશે તે મુદત દરમિયાન ફી ચુકવવામાં મુક્તિ સિવાય હું કોઇપણ રૂપમાં બીજી કોઇપણ નાણાંકીય સહાય, મળતર શિષ્યવૃત્તિ, વૃત્તિકા કે ગ્રાન્ટ સ્વીકારીશ નહીં.

૨) અરજીમાં જણાવેલી હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે અને જેના પર પસંદગીનો આધાર હોય તેવી કોઇ મહત્વની માહિતી છુપાવી કે દબાવી રાખી નથી.

ઉમેદવારની સહી

કેન્દ્ર / રાજ્ય સરકારના રાજ્યપત્રિત અધિકારી
સંસદ સભ્ય, વિધાનસભાના સભ્ય, મેજીસ્ટ્રેટ,
શાળા અથવા કોલેજના વડાની સામી સહી.

સ્થળ :
તારીખ :

ઉમેદવાર સગીર હોય તો તેના
વાલીની સહી

## પરિશિષ્ટ-૨

**ભાગ-૨**

(સંસ્થાના વડાએ ભરવું)

(૧) ઉમેદવારનું નામ :

(૨) જન્મ તારીખ :

(3) ઉમેદવાર શાળા / કોલેજ/ સંસ્થા સાથે સંલગ્ન હોસ્ટેલમાં રહે છે ? રહેતો હોય તો કઇ તારીખથી ?

(૪) ૧) સંસ્થા/શાળાનું સરકારી નાણાની લેવડ દેવડ હોય તે રાષ્ટ્રીયકૃત બેંકનું નામ તથા શાખા :

૨) જેના નામનો ચેક મોકલવાનો હોય તે અધિકારીનો હોદ્દો :

3) અરજદારે ભાગ-૧માં આપેલી માહિતીની ચકાસણી કરી છે અને તે સાચી જણાઇ છે.

૪) આ સંસ્થા/શાળા.........................................................બોર્ડ / યુનિવર્સિટી સાથે સંલગ્ન છે, અને .....................................................સરકાર માન્ય છે.

સ્થળ : સંસ્થાના વડાની સહી

તારીખ : સંસ્થાના વડાનો સિક્કો

## પરિશિષ્ટ - ૩

# કિન્નર માટે શિષ્યવૃત્તિ આવકનું પ્રમાણપત્ર

શ્રી/શ્રીમાન/કુ.............................................................................................................

રહેવાસી.......................................................................................ના માતા, પિતા/વાલી બંનેની તમામ સાધનોમાંથી થતી કુલ આવક મારી જાણ અને માહિતી પ્રમાણે વાર્ષિક રૂા........................................................................................ છે.

સહી :

તારીખ : નામ :

સ્થળ : હોદ્દો / સિક્કો

<u>ખાસ નોંધ :</u>- આ પ્રમાણપત્ર ઓછામાં ઓછું નાયબ તહસીલદાર ક્ક્ષાના મહેસુલી અધિકારી અથવા તેની સમકક્ષ દરજ્જાના બીજા કોઇ અધિકારી અથવા પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા કેન્દ્ર અથવા રાજ્ય સરકારના રાજ્યપત્રિત અધિકારી અથવા સંસદ સભ્ય કે વિધાનસભાના સભ્યે આપવું.

## રાજ્ય સરકારની કિન્નર વિધાર્થીઓની શિષ્યવૃત્તિ મંજુર કરવા માટે માહિતીનું રીન્યુઅલ પત્રક (ધોરણ-૭ થી ૧૦)

શાળાનું નામ :

| અ.નં. | વિધાર્થીનું નામ | હાલ કયા ધોરણમાં અભ્યાસ કરે છે. | રહેઠાણનું સરનામું | છેલ્લે પાસ કરેલ ધોરણ અને વર્ષ, મેળવેલ ગુણ અને ટકા | ગત વર્ષની વિધાર્થીના વાલીની વાર્ષિક આવક (સર્ટી. સામેલ છે.) | ગત વર્ષમાં વિધાર્થીએ આપેલ હાજરી અને ટકાવારી | ગત વર્ષમાં શિષ્યવૃત્તિ મંજુર થયાનો જાવક નંબર અને તારીખ | મંજુર થયેલ રકમ | ચુકવાયેલ રકમ | વિધાર્થીને બીજી કોઇ શિષ્યવૃત્તિ મળે છે ? કેટલી ? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | |

નોંધ : (૧) દરેક શાળાના આચાર્યશ્રીએ તેઓના પગાર સેન્ટરના આચાર્યશ્રીને માહિતી પત્રક મોકલી આપવું.
(૨) દર વર્ષ આ નમુનાના પત્રક મુજબ પત્રક તૈયાર કરીને પે- સેન્ટરના આચાર્યશ્રી મારફતે સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએ મોકલી આપવું.

<u>પ્રમાણપત્ર :-</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોક્ત માહિતી શાળાના રેકર્ડ ઉપરથી અને અન્ય દસ્તાવેજો ઉપરથી ખરાઇ કરીને આપવામાં આવેલ છે. વિધાર્થીઓની હાજરી નિયમીત છે અને અભ્યાસ સંતોષકારક છે. આ વિધાર્થીઓને બીજી કોઇ યોજના હેઠળ લાભ મળેલ નથી. તેમજ અન્ય કોઇ વિગત રજુ કરવાની બાકી નથી.

આચાર્યશ્રીના સહી સિક્કા